# શ્રી રામના અનન્ય ભક્ત શ્રી હનુમાનજી

‘‘જે અતુલ બળના ધામ છે, સુમેરૂ સમાન કાન્તિયુગ શરીરવાળા છે, દૈત્યરૂપી વનનો ધ્વંસ કરવા માટે અગ્નિરૂપ છે. જ્ઞાનીઓમાં જે અગ્રગણ્ય છે. સંપુર્ણ ગુણોના નિધાન છે, વાનરોના સ્વામી અને શ્રી રઘુનાથના પ્રિય ભક્ત છે તે પવનપુત્ર શ્રી હનુમાનજીને વંદન !

શ્રી હનુમાનજીનાં પૂજન, વંદન કે પાઠ કરવાથી દુઃખો નાશ થાય છે. શ્રી હનુમાનજી સકલ સિધ્ધિના દાતા મનાય છે.  શ્રી રામજીના ભક્તિ વાયુપુત્ર શ્રી હનુમાનજીની મૂર્તિ આનંદદાયક છે તેમનાં નામની હનુમાન ચાલીસા કરવાથી કષ્ટો દૂર થાય છે.

કોઈ ગામ એવું નહીં હોય કે જ્યાં હનુમાનજીનું મંદિર નહીં હોય. શનિવાર અને મંગળવારે હનુમાનજીનાં મંદિરમાં ભક્તોની ભારે ભીડ જામે છે.

હનુમાન જ્યંતિએ શ્રી હનુમાનજીને વંદન ! હનુમાનજી શ્રી રામાયણનું અદ્‌ભૂત પાત્ર છે.

આજે ઠેર ઠેર સુંદરકાડના પાઠ થાય છે. જેમની અનન્ય સેવક તરીકેના ગુણોની ભક્તિ અને સેવાના ગુણોનાં વર્ણન અદ્‌ભુત છે એવા શ્રી હનુમાનજીના વર્ણનનાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. શ્રી રામની અનન્ય ભક્તિ હનુમાનજી જ કરી શકે. કેવો ભક્તિભાવ ?

શ્રી હનુમાનજીનાં પૂજન, વંદન કે પાઠ કરવાથી દુઃખો નાશ થાય છે. શ્રી હનુમાનજી સકલ સિધ્ધિના દાતા મનાય છે.

એવાં પ્રમાણ મળે છે કોઈ પણ પ્રભુનો કે ઈષ્ટનો મંત્રનું મનન કે પઠણ કે ધ્યાન નિષ્ફળ જતો જ નથી. ભારતમાં શ્રી હનુમાનજીના મંદિરોમાં હનુમાન ચાલીસા ખૂબ જ ગવાય છે. આ ચાલીસા દ્વારા શ્રી હનુમાનજીના ચરિત્રનું વર્ણન ગવાય છે. આ એક નામસ્મરણ છે. સમસ્ત ઉપાસ્ય દેવો ભારતમાં છે. બધા જ દેવોમાં બ્રહ્મચર્યનું મૂર્તિમંત સ્વરૂપ ભક્ત શ્રી હનુમાનજીમાં છે આથી જ બ્રહ્મચર્ય-પરિપાલન, શત્રુનિગ્રહ, કામવિજય કાર્ય સિદ્ધિમાં શ્રી હનુમાનજી વધુ પ્રસિદ્ધી પામ્યા છે.

# પંચમુખી હનુમાનનો અવતાર પ્રાસ્તાવિક

શંકરાવતાર શ્રીહનુમાનજી બહુ-આયામી ઊર્જાના પ્રતીક છે. તેમજ એકમુખી, પંચમુખી અને એકાદયમુખી સ્વરૂપ જગત્ પ્રસિધ્ધ છે.

હનુમાનજીની આરાધના થકી બુધ્ધિ, બળ, કીર્તિ, ધીરતા, નિર્ભીકતા, આરોગ્ય, સુદ્રઢતા અને વાકશક્તિ વગેરે ગુણો પ્રસાદના રૂપમાં પ્રાપ્ત થાય છે.

પંચમુખી હનુમાનજીનું ધ્યાન શ્રીવિદ્યાવર્ણવતંત્રમાં આ પ્રકારે મળેલ વિરાટ સ્વરૂપવાળા હનુમાનજી પાંચમુખ, પંદર નેત્રમથા દસ ભુજાઓથી સુશોભિત છે અને ઈચ્છિત સઘળા પ્રકારની સિધ્ધિઓને આપનારા છે.

શંકરજીનાં પાંચમુખ તત્પુરુષ, સદ્યોમત, વામદેવ, અઘોર અને ઈશાન નામવાળાં છે, જે ક્રમશઃ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને ઊર્ધા દિશાઓમાં પ્રતિષ્ઠિત છે. પંચમુખ શંકરના અવતાર શ્રી હનુમાનજી પણ પંચમુખ છે.

પંચમુખ શ્રી હનુમાનજીનું પૂર્વ તરફનું મુખ વાનરનું છે. તેની પ્રભા કરોડો સૂર્યો સમાન છે.

તે વિકરાળ દાઢો વડે યુક્ત છે અને તેમની ભૃકુટિઓ ચઢેલી છે. તેમનું દક્ષિણ તરફનું મુખ નૃસિંહ ભગવાનનું છે.

તે મહાન અદ્ભુત, અત્યન્ત ઉગ્ર તેજ થકી યુક્ત, ભયાવહ અને (શરણાગતો માટે) ભ્રમનાશક છે.

તેમનું પશ્ચિમ દિશાવાળું મુખ ગરૂડનું છે. તેની ચાંચ વાંકી-ચૂંકી અને ખૂબજ પુષ્ટ છે. તે સઘળા નાગોને પરાસ્ત કરનાર તથા વિષ અને ભૂત-પ્રેત વગેરેનું ઉચ્છેદક છે.

તેમનું ઉત્તર તરફનું મુખ સૂકરનું છે તે દિપ્તીમાન્, આકાશ સમાન કૃષ્ણવર્ણ તથા પાતાલમાટી જીવો, સિંહ, વેતાલ અને જ્વરાદિ રોગોનું વિદારક છે. તેમનું ઉપર તરફ ઉન્નત પાંચમું મુખ ઘોડાનું છે. તે ખૂબજ ભયાનક અને રાક્ષસોનું સંહારક છે.

પંચમુખી હનુમાનજીનાં આયુધો આ પ્રમાણે છે - ખડગ્, ત્રિશૂલ, ખટવાંગ, પાશ, અંકુશ, પર્વત, સ્તંભ, મુષ્ટિ, ગદા અને વૃક્ષોની ડાળી.

તેમના જમણા હાથમાં હંમેશાં ગદા બિરાજમાન રહે છે.

શ્રી હનુમાનજીનો દક્ષિણ મુખાવતાર ભગવાન નૃસિંહ ભક્તરાજ પ્રહલાદના રક્ષણ માટે સ્તંભમાંથી પ્રગટ થયો હતો. તેમનો ઉત્તર વક્ત્રતાવાર ભગવાન વરાહ જળમાં ડૂબેલી ધરતીનો ઉધ્ધાર કરવાને માટે પ્રકટ થયો હતો. તેમનો પશ્ચિમ મુખાવતાર ગરુડજી ભગવાનના વાદનના રૂપમાં જાણવામાં આવે છે.

તેમનું ઊર્ધ્વમુખ હય રૂપ છે. આ ભગવાન હયગ્રીવ શ્રુતિઓનો ઉધ્ધાર કરવાને માટે બ્રહ્માજીની પ્રાર્થના પર પ્રકટ થયો હતો.

તે સમયે પ્રભુની ગરદન અને મુખાકૃતિ ઘોડા જેવી હતી.

જેમ શ્રી ગરુડજી વૈકુંઠધામમાં ભગવાન વિષ્ણુની સેવામાં રત હતા તેમ હનુમાન ભગવાન રામની સેવામાં નિમગ્ન રહેતા હતા.

તેમનાં પાંચેય મુખોમાં ત્રણ-ત્રણ સુંદર આંખો આધ્યાત્મિક, આધિદૈહિક તથા આધિભૌતિક છે.

## ‘શ્રી હનુમાન ચાલીસા’ એક વિહંગાવલોકન

રામાયણ અને મહાભારત માત્ર હિંદુ ધર્મના જ નહિ પણ સમગ્ર વિશ્વના આધાર સ્તંભ બની શકે તેવા વૈશ્વિક ગ્રંથો છે. માણસે શું શું કરવું જોઈએ એ રામાયણ દર્શાવે છે અને માણસે શું શું ન કરવું એ મહાભારત બતાવે છે.

રામાયણનો પહેલો અક્ષર 'રા' અને મહાભારતનો પહેલો અક્ષર 'મ' બને છે. 'રામ'- આ સંસ્કૃતિનો સુભગ સમન્વય છે. રામ અને કૃષ્ણ - રામભક્ત હનુમાન અને કૃષ્ણભક્ત અર્જુન-ના આદર્શો દરેકમાં હોય તો ભગવાન દૂર નથી. તા. ૨૦/૪/૨૦૦૮, ચૈત્ર સુદ ૧૫, રવિવારના રોજ શ્રી હનુમાન જ્યંતિ છે. ગુજરાતનાં ૧૮,૫૪૪ ગામો છે. જેમાં એક પણ ગામ એવું નહિ હોય જ્યાં હનુમાનજીની એકાદ નાનીશી ડેરી ન હોય !

એવો એક પણ હિંદુભક્ત નહિ હોય જેણે હનુમાન ચાલીસા સાંભળી ન હોય ! હનુમાનજીનાં અદ્‌ભુત ગુણગાન, પરાક્રમોની ગાથા, ભક્તિની પરાકાષ્ટા સમી તુલસીદાસજીની આ અમર રચના વિશે આજે હનુમાન જ્યંતિના પરમ પુણ્યશાળી દિવસે થોડુંક આચમન કરવાનો ઉપક્રમ છે.શ્રી હનુમાન ચાલીસામાં ૪૦ સુંદર ગેય ચોપાઈઓ છે. જેથી તેને ચાલીસા કહે છે.

જેમકે ગાયત્રી ચાલીસા, રામ ચાલીસા, શિવ ચાલીસા વગેરે. હનુમાન ચાલીસામાં શરૂઆતમાં એક અને છેલ્લે સમાપનમાં એક એક દોહો છે. કુલ મળી આ ચાલીસામાં ૪૧૮ શબ્દો છે અને ૧૦૪૧ અક્ષરો છે. સૌ પ્રથમ શરૂઆત શ્રી ગુરૂ શબ્દથી થાય છે.

ગુરૂ વગર જ્ઞાન નથી, કર્મ વગર ધર્મ નથી, ભક્તિ વગર ભગવાન નથી તેવા વેદ. ઉપનિષદ, ભગવદ્‌ગીતીના કર્મ-જ્ઞાન-ભક્તિના ત્રિવેણી સંગમનો સમન્વય આ નાનીશી ચાલીસામાં શ્રેષ્ઠ રીતે થયો છે.

સૌને જાણીને આશ્ચર્ય થશે કે હનુમાન ચાલીસાની ૪૦ ચોપાઈઓમાં મારૂતિનંદનના જીવનકવનને લગતી ૪૦ કથાઓનો સમાવેશ થઈ જાય છે. વળી પાછું તુલસીદાસની આ કમાલની કવિતામાં શ્રી હનુમાનજીનાં ૧૦૮ નામોનો ઉલ્લેખ થઈ જાય છે. સાધક આ ૧૦૮ નામ સહેજે શોધી શકે એટલું સરળ છે. જપ માળાના ૧૦૮ મણકાને ગુંથી લીધા છે.

હનુમાન ચાલીસા તો બધા જાણે છે, ઘણાને તો કંઠસ્થ પણ હોય છે પણ વાંચતાં વાંચતાં આ ૧૦૮ નામ જે પ્રછન્ન છે તે શોધી કાઢે ત્યારે બ્રહ્માંડનાં રહસ્યો જાણે ખુલતાં ના હોય તેવા ભાવાવેશમાં સાધક અભિભૂત થઈ જાય છે.

આ ચાલીસામાં જે ૧૦૮ નામો છે તે પૈકી અનુગ્રહી, આનંદદાતા, ઇન્દ્રિયોના સ્વામી, ઉપકારી, ઐશ્ચર્યદાતા, અંજનિપુત્ર, કપિરાજ, કુંડલધારી, કેસરીનંદન, ગુણવાન, ચતુર, જનોઈધારી, તેજસ્વી, દ્વારપાળ, ધજાધારી, નિધિદાતા, પવનકુમાર, ફળદાયક, બજરંગી, ભક્તરક્ષક, મહાવીર, મંગલમૂર્તિ, યશસ્વી, રામદૂત, લઘુરૂપ ધારક, વિક્રમી, શંકરસુવન, સંકટ હર્તા, હનુમંત અને ત્રિલોક ઉજાગર છે. બાકીનાં નામ સાધક સરળતાથી શોધી શકે તેવાં છે. દરેક નામ સુંદર છે. દુઃખનાશક છે અને ભવતારક છે.

આખી હનુમાનચાલીસામાં સૌથી વધુ વાર ૧૦ વખત રામ શબ્દ વપરાયો છે જે ભગવાનના ૧૦ અવતારનો દ્યોતક છે.

સંખ્યા મુજબ વિશ્લેષણ કરીએ તો હનુમાન ચાલીસામાં ૧ અક્ષરના ૩૨, ૨ અક્ષરના ૨૧૦, ૩ અક્ષરના ૧૨૬, ૪ અક્ષરના ૪૨, ૫ અક્ષરના ૫ અને ૬ અક્ષરના ૩ શબ્દો મળી કુલ ૪૧૮ શબ્દો અને ૧૦૪૧ અક્ષરો થાય છે. જે દરેક અક્ષર, શબ્દનું સંયોજન શુભ વાઈબ્રેશન પેદા કરી આપણા મનને અપાર શાંતિ આપે છે. જે શાંતિની માણસને ખરેખર જરૂર છે.

એક આદર્શ ભક્તના તમામ ગુણો હનુમાન ચાલીસામાં છે. વીર, પરાક્રમી, દાસત્ત્વ, ચાતુર્ય, જ્ઞાનઃ કર્મ : ભક્તિ, ચપળતા, સેવા, નિરાભિમાન, નમ્રતા, બ્રહ્મચર્ય, રક્ષક, પરિશ્રમ, સ્મરણ, શ્રદ્ધા વગેરે વગેરે. આ ચાલીસા ભક્તિનો અવિરત સ્ત્રોત છે. ધોધ છે. જે અભિવ્યક્તિ રૂપે અનુભૂતિ કરાવે છે. એક એક ચોપાઈ મંત્ર છે. જેમકે :-

૧. કુમતિ નિવાર સુમતિ કે સંગી.

૨. દુર્ગમ કાજ જગત કે જે તે, સુગમ અનુગ્રહ તુમ્હરે તે તે.

૩. સબ સુખ લહે તુમ્હારી સરના, તુમ રચ્છક કાહૂકો ડરના ?

૪. ભૂત પિશાચ નિકટ નહિ આવે, મહાવીર જબ નામ સુનાવે.

૫. નાસે રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમાન વીરા.

૬. સંકટ તે હનુમાન છુડાવૈ મન કર્મ વચન ધ્યાન જો લાવે.

૭. અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા, અસ બર દીન્હા જાનકી માતા.

૮. તુમ્હરે ભજન રામકો પાવૈ. જનમ જનમ કે દુઃખ બિસરાવે.

૯. સંકટ કટૈ મિટે સબ પીરા. જો સુમિરે હનુમત બલવીરા.

૧૦. જો સતબાર પાઠ કર કોઈ છૂટહિ બંદિ મહાસુખ હોઈ.

૧૧. જો યગ પઢે હનુમાનચાલીસા, હોય સિદ્ધિ સાખી ગોરીસા.

માણસ સહન ન કરી શકે એટલું દુઃખ તો ભગવાન પણ આપતા નથી અને જગતમાં એવું કોઈ દુઃખ પણ નથી જે હનુમાન ચાલીસાથી દૂર ન થઈ શકે તે ઉપરની ઉદાહરણરૂપ ચોપાઈઓથી સિદ્ધ થાય છે જેની સાક્ષી, ખાત્રી ખુદ ગૌરીના પતિ શિવ આપે છે.

હનુમાનજીનો વાર શનિવાર છે. શનિવારે ખરા હૃદયથી ચાલીસાનો પાઠ કરવામાં આવે તો શનિની પડતી પીડા થતી નથી, પનોતી નડતી નથી.

દરેક હનુમાનજીના મંદિરે શનિવારે થતી અપાર જનમેદની આવી શ્રદ્ધાનું પ્રતીક છે.

હનુમાન ચાલીસાના પાઠ અબાલ વૃદ્ધ, સ્ત્રી પુરૂષ બધાં જ કરી શકે છે. ચાલીસામાં જ કહ્યું છે કે : જો યહ પઢે હનુમાન ચાલીસા - 'જો'-માં બધા જ આવી જાય છે. કેટલો સર્વ ધર્મ સમભાવ માત્ર એક અક્ષરમાં સાંકળી દીધો છે !

હનુમાન ચાલીસાનું આ તો માત્ર એક વિહંગાવલોકન છે, જેમ સાગરને કિનારેથી સાગરનાં દર્શન કરીએ તો પણ તે કેટલો વિરાટ, વિશાળ લાગે છે, પરંતુ જો તેમાં ડૂબકી મારવામાં આવે તો કેટલાં રત્નો, મોતી પ્રાપ્ત થાય છે જેનો અનુભવ સમુદ્રમંથન વખતે નીકળેલાં ૧૪ રત્નોથી દેવો અને દાનવોને થયો હતો તેમ જો શ્રદ્ધા વિશ્વાસથી હનુમાન ચાલીસાનું અક્ષરશઃ શબ્દશઃ ગાન, પાલન અને અર્થઘટન કરી માણવામાં આવે તો તે પણ આપણા બધાના જીવનમાં રત્નાકર બની શકે છે. હનુમાન જ્યંતિના આ પર્વે ચાલો હનુમાનચાલીસાનું ગાન કરીએ અને ''રામલક્ષ્મણ જાનકી. જય બોલો હનુમાનકી''નું સ્મરણ કરી પવનપુત્રના નામસ્મરણથી પાવન બનીએ.

**જાકે ગતિ હૈ હનુમાન કી તાકી પૈજ પૂજિ આઇ**

વિવિધ ધર્મશાસ્ત્રો મતાનુસાર હનુમાન અને ઓમકાર એક જ તત્ત્વ છે. હનુમાન શબ્દ બ્રહ્મના પૂજક અથવા ભક્તનો પર્યાય છે.

હનુમાન શબ્દમાં

હ એટલે શિવ, આનંદ, આકાશ, જળ વગેરનો વાચક છે

નુ એટલે પૂજન, પ્રશંસા વગેરેનું બોધક છે

મા એટલે લક્ષ્મી અને વિષ્ણુનું દ્યોતક છે.

ન એટલે બળ યુદધ ને વીરતાનું સૂચક છે.

આ ચારેય શબ્દાર્થ હનુમાનમાં સમાવિષ્ટ છે. કેનોપનિષદની યક્ષ કથામાં સ્પષ્ટતા છે કે બ્રહ્મ જ મહાકપિ છે. કપિશબ્દ ચલનાકર્થક કપ ધાતુથી બન્યો છે. બ્રહ્મસર્વવ્યાપક હોવાથી સર્વત્ર પહોંચેલા છે તથા સંપૂર્ણ સૃષ્ટિને ચલાવી રહ્યા છે માટે તો મહાકપિ છે. હનુમાન એટલે પ્રહાર તથા સંહારની પ્રચંડ શક્તિયુક્ત.

હનુમાનના જેટલા નામો છે તેમાં હનુમાન નામ, હનુમાનના પૂર્ણસ્વરૂપનું દ્યોતક છે.

વાલ્મીકિ રામાયણ તથા અધ્યાત્મ રામાયણમાં તેમણે શ્રી રામને પોતાનો પરિચય ‘હનુમાન’ નામથી જ દીધો. રામચરિત માનસમાં ઉત્તર કાંડમાં ભરતજીને પણ હનુમાન નામથી જ પરિચય દીધો.

|| મારુત સુત મૈં કપિ હનુમાના, નામુ મોર સુનુ કૃપાનિધાના ||

હનુમાન નામ પ્રસિદ્ધ થવાના કારણોમાં પવનપુત્ર જન્મથી જ તેજસ્વી હતા. નાનપણમાં તેમણે સૂર્યને ફળ માની તેને પકડી ગળી જવા આકાશ તરફ ઉછળ્યા પરંતુ સૂર્ય સુધી ન પહોંચી શક્યા પરંતુ ઉદયગિરિ પર પડ્યા. ઉદયગિરિની શિલા પર પડવાને કારણે તેમની દાઢીનો અગ્રભાગ થોડો કપાઈ ગયો. આ વિચિત્ર ઘટનાને કારણે ‘હનુમાન’ નામથી પ્રસિદ્ધ થયા.

વાલ્મીકિ રામાયણમાં કિષ્કિંધા કાંડને ઉત્તરકાંડમાં આવી કથા છે - હનુમાનના પિતા કેસરી સુમેરુ પર્વત પર રાજ્ય કરતા હતા. ત્યાં તેમની પત્ની અંજનીના ગર્ભથી વાયુદેવે તેમને જન્મ દીધો. એક દિવસ અંજની માની, ગેરહાજરીમાં ભૂખથી વ્યાકુળ થઈ બાલરવિને ફળ માની પકડી ગળી જવા આકાશ તરફ કૂદ્યા. પોતાનો પુત્ર સૂર્યદેવ તરફ જઈ રહ્યો છે. વાયુદેવે તે જોયું, તેને શીતળતા દેવા પાછળ પાછળ ચાલ્યા. પિતાના બળે તે સૂર્ય નજીક પહોંચી ગયા. સંયોગોવશાત્ એ દિવસે રાહુ પણ સૂર્યને ગળી જવા ચાહતો હતો. સૂર્યના રથના ઉપરના ભાગમાં તેમણે રાહુને સ્પર્શ કર્યો ત્યારે તે ભાગી ઈન્દ્રની શરણમાં ચાલ્યો ગયો અને તેણે પોતાનું દુઃખ કહી સંભળાવ્યું. રાહુની વાત સાંભળી ઈન્દ્રે તેના વજ્રથી હનુમાન પર પ્રહાર કર્યો તેને કારણે વાયુપુત્ર એક પર્વત પર પડ્યા. ને તેમની ડાબી દાઢી તૂટી ગઈ. વાયુદેવે આ જોયું ને પોતાની ગતિ રોકી દીધી. પરિણામે સમસ્ત દેવતાઓ ત્રાસી ગયા. વાયુદેવ પોતાના પુત્રને લઈને ગુફામાં ગયા. ઈન્દ્રસહિત દેવતાઓ બ્રહ્માજીને તે જગ્યાએ આવ્યા જ્યાં વાયુપુત્ર તેમના ઈજાગ્રસ્ત પુત્રને ગોદમાં લઈને બેઠા છે. બ્રહ્માજી સુંદર બાલ હનુમાનનું દ્રવીભૂત દ્રશ્ય જોયું, ખુદ દ્રવીભૂત થઈ ગયા ને વાયુદેવના ઈજાગ્રસ્ત પુત્રને ફરી સ્વસ્થ કરી દીધા. બ્રહ્માજીના કહેવાથી બધા દેવતાઓએ વાયુપુત્રને ઘણાં વરદાન દીધા. ઈન્દ્રે પોતાના વજ્રથી ઈજા પામેલા હોવાથી તેની દાઢી તૂટી જવાને કારણે ‘હનુમાન’ નામથી પ્રસિદ્ધિનું વરદાન દીધું.

હનુમાન નિત્યજીવી અજર અમરના કારણોમાં અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભિષણ કૃપાચાર્ય, પરશુરામ અને માર્કંડય - આ આઠ ચિરંજીવી છે પરંતુ હનુમાન અજર, અમર ને નિત્યજીવી છે એક તો સીતાજીએ હનુમાનજીને આશીર્વાદ દીધો છે કે 'અજર, અમર ગુન નિધિ સુત હોઉ'-

વાલમીકિ રામાયણમાં ઉલ્લેખ છે -

યાવત્ તવ કથા લોકે વિચારિષ્યતિ પાવની ।

તાવત્ સ્થાસ્યામિ મેદિન્યાંતવાજ્ઞામનુપાલય્ન ।।

હનુમાનજી શ્રીરામને કહે છે, જ્યાં સુધી સંસારમાં તમારી પવિત્ર કરનાર કથાનો પ્રચાર થતો રહેશે ત્યાં સુધી હું તમારી આજ્ઞાનું પાલન કરતો રહી પૃથ્વી પર રહીશ.

લંકાવિજય પછી હનુમાનને શ્રી રામે ગળે લગાવ્યા ને કહ્યું, હનુમાન તને હું નિશ્ચલ ભક્તિનું વરદાન દઉં છું. સંસારમાં જ્યાં સુધી મારી કથા પ્રચલિત રહેશે ત્યાં સુધી તારી કીર્તિ રહેશે ને તારા શરીરમાં પ્રાણ પણ રહેશે.

અધ્યાત્મ રામાયણમાં ઉલ્લેખ છે કે એકવાર સીતાએ દીધેલ રત્નમણિજડિત હાર પહેરી હનુમાન ભગવાન શ્રી રામની સન્મુખ હાથ જોડી ઉભા રહ્યા. ભગવાન હનુમાનની અનન્ય નિષ્ઠાવાળી ભક્તિના કારણે અતિ પ્રસન્ન રહે છે. ભગવાને હનુમાનને ત્રણ લોકમાં દુર્લભ હશે તો પણ તને અવશ્ય દઈશ માટે તુ માંગ. શરણાગત હનુમાન શ્રીરામના ચરણકમળમાં પડી ગયા ને કહ્યું હે પ્રભુ તમારા નામનું સ્મરણ કરતો રહી પૃથ્વી પર રહું મારી ઇચ્છા છે કે જ્યાં સુધી સંસારમાં તમારું નામ રહે ત્યાં સુધી મારું આ શરીર પ્રત્યક્ષ રહે. રામે તરત જ કહ્યું : 'આવું જ થશે.' 'તું જીવનમુક્ત રહી સંસારમાં સુખપૂર્વક રહીશ, કલ્પનો અંત થવાથી તને મારા સાયુજ્યની પ્રાપ્તિ થશે.'

જ્યાં જ્યાં શ્રીરામની કથા થાય છે ત્યાં ત્યાં અનન્ય નિષ્ઠાવાળા ભક્તોને કોઈને કોઈ રૂપમાં હનુમાનજી જરૂર દર્શન દે છે.

જા કે ગતિ હૈ હનુમાન કી

તાકી પૈજ પૂજિ આઇ, યહ રેખા કુલિસ પાષાનકી

અઘટિત ઘટત સુઘટ બિઘટન એસી બિરુદાવલિ નહી આન કી ।।

સુમરિત સંકટ- સોચ બિમોચન મૂરતિ મોદ નિધાનકી

તાપર સાનુકૂલ ગિરિજા હર લખન રામ અરુ જાનકી

તુલસી કપિ કૃપા બિલોકનિ ખાનિ સકલ કલ્યાન કી

(વિનયપત્રિકા- ૩૦)

જે હનુમાનજીનો આશ્રિત છે તેની પ્રતિજ્ઞા પૂરી થઈ ગર્વ છે આ સિદ્ધાંત વ્રજની રેખા સમાન અમીટ છે. કારણ હનુમાનજી અસંભવ ઘટનાને સંભવ અને સંભવને અસંભવ કરનારા છે આવી યશકીર્તિ બીજા કોઈની નથી. શ્રી હનુમાનજીની આનંદમયી મૂર્તિનું સ્મરણ કરતાં જ બધા સંકટો અને શોક નાશ પામે છે. બધા પ્રકારની ખાણ શ્રી

હનુમાનજીની કૃપાદ્રષ્ટિ જેના પર છે, હે તુલસીદાસ તેના પર પાર્વતી, શંકર, લક્ષ્મણ, શ્રીરામ અને જાનકીજી સદા કૃપા કરતા રહે છે.

હનુમાનજીમાં અભિમાનનો જરા પણ અંશ નથી, માનને હણી નાંખ્યું છે માટે ‘હનુમાન’ છે. હનુમાન કહે છે : સુનુમાતા, શાખામૃગ નહિ બલબુદ્ધિ બિસાલ, પ્રભુપ્રતાપ તે ગુરુડ હિ ખાઈ પરમ લઘુબ્યાલ.

શ્રી રામે હનુમાનને કહ્યું કે હનુમાન તારા સમાન મારો ઉપકારી દેવ, મનુષ્ય કે મુનિ શરીરધારી નથી. હું તારો બદલો લેવા શું કરું ? મારું મન પણ તારી સામે થઈ શકે તેમ નથી. હનુમાન આ સાંભળીને તરત જ

સુનિ પ્રભુ બચન બિલોકિ મુખ ગાત હરષિ હનુમંત

ચરન પરેઉ પ્રેમાકુલ ત્રાહિ ત્રાહિ ભગવંત ||

હે ભગવાન રક્ષા કરો, રક્ષા કરો, એમ કહી હનુમાન શ્રી રામના ચરણોમા પડ્યા.

ગુજરાતના જાણીતા હનુમાનજીના મંદિરોમાં અમદાવાદના કેમ્પ વિસ્તારમાં આવેલું કેમ્પના હનુમાનજી મંદિર ખૂબ પ્રસિદ્ધ છે. આ મંદિર તથા શ્રી હનુમાનજીની મૂર્તિ અતિ દર્શનીય છે. મંદિરના પ્રદક્ષિણા માર્ગે રામાયણના વિવિધ પ્રસંગોની ચિત્રાવલિ દિવાલ પર આબેહૂબ દર્શાવવામાં આવી છે જે ચિત્રકારની અદ્ભુત કારીગરીનું ઉત્તમ પ્રદર્શન છે. દર સુદ ચૌદસના રોજ હનુમાનજીને તેલ, સિંદૂર અને વરખ ચડાવવામાં આવે છે. રોજ સવારે તથા સાંજે હનુમાનજીનો ફૂલોના શણગારથી સુશોભિત કરવામાં આવે છે. દર શનિવારે સવારે ને સાંજે સાડા પાંચ વાગે તથા બાકીના દિવસોમાં સવારે તથા સાંજે સાડા છ વાગે આરતીના દર્શન થાય છે. સવારની આરતીના દર્શન અદ્ભુત છે જરૂર એકવાર આરતીના દર્શનનો લાભ લેજો. મંગળવારે પણ વિશેષ તો શનિવારે મંદિરે ખાસી મોટી ભીડ જોવામાં આવે છે મેળા જેવું વાતાવરણ દ્રશ્યમાન થાયછે. શનિવારે સાંજે આરતી સમયે મિલેટરી બેન્ડ ભક્તિ ગીતોની ધૂન વગાડી હનુમાનજીનું સન્માન, આભાર વ્યક્ત કરે છે. મંદિર, સન્મુખ હનુમાનજીના દર્શન કરી સૌ રાજી થાય છે. ડાબી બાજૂએ પ્રાચીન મૂર્તિનું સોનાચાંદીનું ક્લેવર છૂટું પડીને સ્વયંભૂ હનુમાનજીની મૂર્તિના દર્શન, ભાવિકો અતિ શ્રદ્ધાથી કરે છે.

આ મંદિરની એક વિશેષ બાબત એ રહી છે કે દર મંગળવારે સાંજે છ વાગે શ્રી નંદકિશોર શાસ્ત્રીજી દ્વારા સંગીતમાં સમૂહમાં સુંદર કાંડનો પાઠ, સુંદર કાંડ પરિવાર દ્વારા તથા મંદિરના ટ્રસ્ટીઓના સૌજન્યથી લગાતાર સોલ વર્ષથી થઈ રહ્યો છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ આ પાઠનો લાભ લઈ પોતાની જાતને ધન્ય માને છે. સર્વસિદ્ધિ દાયક સુંદરકાંડનો પાઠ તથા હનુમાનચાલીસાનો પાઠ થતા વાતાવરણ અતિ પવિત્ર બને છે.

આ મંદિરના આદ્યસ્થાપક સ્વ. ગજાનંદને તેમના ચાર સ્વર્ગીય પુત્રોના પુત્રો તથા વંશજો દ્વારા વર્તમાનમાં હનુમાનજીની સેવા પૂજા ભાવપૂર્ણ નિત્ય કરવામાં આવે છે. સૌભક્તો પર તેઓશ્રીના સદ્વ્યવહારથી સૌ ભક્તોને ‘મંદિર’ નિજમંદિરનો અહેસાસ થાય છે.

હજારોની સંખ્યામાં ભક્તો હનુમાનજીના દર્શન કરી સાચા દિલથી પ્રાર્થના કરી, બધા પ્રકારની ઇચ્છાઓને સિદ્ધ કરે છે. અનેક લોકોના સંદર્ભમાં ઇતિહાસ તેમજ વર્તમાન સમયે પણ આ બાબતે સાક્ષી છે. છેલ્લે ઓર દેવતા ચિત ન ધરઈ, હનુમંત સેઇ સર્વ સુખ કરઈ.

## હનુમાન ચાલીસાના ગૂઢ રહસ્યો

સમુદ્રના તરંગો (મોજાં), મંદિરના શિખર ઉપરની ધજા, અવકાશમાં સદા ગતિશીલ રહેતો પવન (વાયુ), દીપકની જ્યોત અને માનવીનું મન - આ પાંચ બાબતો સાધારણ રીતે સ્થિર રહેતી નથી - સ્થિર રાખવા પ્રયત્નો કરવા પડે છે.

મનને સ્થિર કરવા માનવીની મગજમારીની મારામારી જગતની ઉત્પત્તિ થઈ ત્યારથી અટકવાનું નામ લેતી નથી. કારણ પણ બહુ સ્પષ્ટ છે.

જેનું મન સ્થિર એ સુખી જેનું અસ્થિરએ દુઃખી. મન મુખ્ય છે અને મુખી પણ છે. જગતના બધા જીવ કાયમ સુખી નથી હોતા - સુખી થવા પ્રયત્નો કરવા પડે છે. બધા જ પ્રયત્નો વ્યર્થ જાય ત્યારે જીવનનો અર્થ ચૂકી જવાય છે.

બધું ચૂકી જવાય ત્યારે બધું મૂઠી માણસ ભગવાનને શરણે જાય છે, શ્રદ્ધાનું શરણ લે છે, અને મરણ સુધારી લે છે, કર્મનો મર્મ પામી જાય છે, ભ્રમ તૂટી જાય છે, પોતાનો ખરો ધર્મ પામી જાય છે.

ધર્મ વગર માણસ જીવી શક્યો નથી, જીવી શકતો નથી અને જીવી શકશે પણ નહિ. ધર્મ આસ્થાના બળે ટકે છે, આસ્થા અવસ્થા સુધારી લે છે.

માણસની આ આસ્થા, શ્રદ્ધા, ભરોસો - ભ્રમિત, અસ્થિર મનને સ્થિરતા બક્ષે છે. આવા આસ્થાના આધારને આપણે ઈશ્વરના નામે ઓળખીએ છીએ જેને રામ કહો કે રહીમ, ઈસુ કહો કે કૃષ્ણ, બધું એક અને એકાકાર, સાકાર અને નિરાકાર, સગુણ અને નિર્ગુણમાં સમાઈ જાય છે.

ઘણી બાબતો ઘણે ઠેકાણે સમાન હોય છે. પવન, પાણી, પૃથ્વી, પ્રકાશ અને આકાશ - કાશ્મીરથી કન્યાકુમારી સુધી સરખાં જ હોય. આવી જ એક બાબત સમગ્ર ભારતમાં ભરોસાની બાબતમાં સમાન કઈ છે એવું કોઈ પૂછે તો આપણું અનુમાન આ બાબતમાં સો ટકા સાચું જ પડે અને તે છે : હનુમાન.

પવન વગર કોઈ સ્થાન ખાલી નથી, ખાલી અવકાશ વગર કોઈ ખાલી જગા નથી, તેમ ભારતભરનાં તમામ ગામોમાં કોઈ ગામ એવું નથી કે જ્યાં કોઈ મંદિર નથી.

અને એવું કોઈ મંદિર નથી કે જ્યાં હનુમાનજીની મૂર્તિ સ્થાપિત ન હોય. આપણા ગુજરાતનાં અદ્યતન માહિતી મુજબ ૧૮,૫૪૪ ગામો છે, જેમાં એક પણ ગામ હનુમાનજીના મંદિર કે એક નાની ડેરી વગરનું નહિ હોય !

હનુમાનજીમાં બધાને શ્રદ્ધા છે. કેમ ન હોય ? એમનું જીવન અને કવન, બદન અને વદન, દર્પણ જેવું છે. એમના ગુણોનું સ્તવન આખેઆખું તપોવન છે, આ તપોવન તપથી ભરપૂર છે, જપથી મશહૂર છે, એમના ગુણોના ગુણગાન છે, પરમ બ્રહ્મની પરાકાષ્ટા છે, એ 'હનુમાન ચાલીસા'ની ચરમ સીમા સમજવી એ બ્રહ્માંડોનાં રહસ્યો ખોલવા સમાન છે.

ચાલો આપણે પણ આજે એ હનુમાન ચાલીસા -ના પરમ રહસ્યને માણી જીવનને ધન્ય બનાવીએ.

હનુમાન ચાલીસામાં ૪૦ (ચાલીસ) સુંદર, સાત્ત્વિકગુણોથ સભર, રસસભર ચોપાઈઓ છે જેથી તેને ચાલીસા કહે છે જે સ્તુતિનો એક સ્તુત્ય પ્રકાર છે જેમકે : શિવ ચાલીસા, રામ ચાલીસા, ગાયત્રી ચાલીસા વગેરે પણ છે. પરંતુ બધા પ્રકારની ચાલીસામાં હનુમાન ચાલીસા જનમાનસમાં સૌથી વધુ પ્રચલિત છે કારણ કે તે સરળ છે, સુંદર છે, અમોઘ છે, તુરત ફળપ્રદાન કરનાર પણ છે.

હનુમાન ચાલીસાની શરૂઆત દોહા-થી થાય છે. જે દોહો પ્રથમ છે તે જ દોહો અયોધ્યાકાન્ડનો પણ પ્રથમ દોહો છે જેથી તુલસીજીએ રામાયણની સાથે જ હનુમાન ચાલીસાની રચના કરી છે તેવું માનવાને એક કારણ રહે છે.

હનુમાન ચાલીસાની શરૂઆત શ્રીગુરૂ-શબ્દથી થાય છે. પ્રથમ દોહાનો પ્રથમ શબ્દ શુભસૂચક, મંગલસૂચક છે. આ દોહામાં ૨૯ શબ્દો છે અને ૭૯ અક્ષર છે, જ્યારે હનુમાન ચાલીસાની ૪૦ ચોપાઈના કુલ : ૩૭૫ શબ્દો અને ૯૨૨ અક્ષરો છે. ચાલીસાના અંતે પણ એક દોહો છે જેના ૧૪ શબ્દો અને ૪૦ અક્ષરો છે. અર્તાત્ હનુમાન ચાલીસામાં કુલ ૪૧૮ શબ્દો અને ૧૦૪૧ અક્ષરો છે.

હનુમાનજીની અનેક પ્રકારે ઉપાસના થઈ શકે છે, તેમનાં દર્શન કરીને, શનિવારનો ઉપવાસ કરીને, તેલ-સિંદૂર-શ્રીફળ, નૈવેદ્ય ધરાવીને, તંત્રમંત્રથી તાંત્રિક ઉપાસના, મંત્રજાપથી જપ યજ્ઞ દ્વારા, રામાયણના સુંદરકાન્ડનો પાઠ કરીને - એમ અનેક રીતે ઉપાસના થઈ શકે છે પરંતુ સૌથી શ્રેષ્ઠ, એકદમ સરળ, સૌંદર્ય અને માધુર્યથી ભરપૂર, સૌ કોઈ કરી શકે તેવી જો કોઈ મશહૂર, મનભાવન, મનગમતી, મનનીય, ઉપાસના હોય તો તે એક ચિત્તે હનુમાન ચાલીસાનું ગાન, પાઠ, વાચન, મનન જ છે જેમાં હનુમાનજીની સમગ્ર કથા, વાર્તા, જીવન, કવન, સાહસ, ધૈર્ય, સુંદરતા, પરાક્રમ, સરળતા, મહાનતાનો સંપૂર્ણ સમાવેશ થાય છે.

આ હનુમાનચાલીસા અનેક રીતે ગાઈ શકાય છે. તેની નાની પુસ્તિકા કાયમ સાથે હાથવગી રાખી શકાય છે. નાનામાં નાના બાળકથી લઈ વૃદ્ધ સુધી, પુરૂષો કે સ્ત્રીઓ - તમામ હનુમાન ચાલીસાનો પાઠ કરી શકે છે કારણ કે

'જો યહ પઢે હનુમાન ચાલીસા, હોય સિદ્ધિ સાખી ગૌરીસા' એવું શિવ ભગવાન ખુદ કહીને તેનું પ્રમાણ આપણને આપી દે છે આથી બીજો કોઈ મોટો પુરાવો કયો હોઈ શકે ?

શ્રી હનુમાનજી શ્રીરામના પરમ ભક્ત છે. હનુમાન ચાલીસામાં સૌથી વધુ સખત માટે જ રામ શબ્દનો ઉપયોગ કુલ ૧૦ વાર થયો છે જે રામભક્તિના દ્યોતકનો પુરાવો છે. દરેક અંક-આંકડાનો તરંગ પ્રભાવ (વાઈબ્રેશન) પડે છે.

જય હનુમાન-એ ૬ અક્ષરનો શબ્દ છે. ચાલીસામાં ૧ થી ૬ અક્ષરના જ બધા તરંગો શબ્દોમાં રૂપાંતર થઈ મનમાં અદ્ભુત શક્તિનો સંચય કરી એક લય પેદા કરે છે. સાહિત્ય શબ્દ રચનાની શ્રેષ્ઠ કૃતિ તરીકે પણ આ ચાલીસામાં તુલસીદાસજી એ પોતાની બુદ્ધિ શક્તિ, અનુભવ, સાક્ષાત્કારની અનુભૂતિ અને ભક્તિનો સુંદર સુભગ સમન્વય કર્યો છે.

અંકોની દ્રષ્ટિએ વિહંગાવલોકન કરતાં : આ ચાલીસામાં ૧ અક્ષરના ૩૨, ૨ અક્ષરના ૨૧૦, ૩ અક્ષરના ૧૨૬, ૪ અક્ષરના ૪૨, ૫ અક્ષરના ૫ અને ૬ અક્ષરના ૩ શબ્દો મળી કુલ ૪૧૮ શબ્દોમાં ૧૦૪૧ અક્ષરોનું સંયોજન કરેલ છે આ ૧૦૪૧ = નો સરવાળો પણ ૬ થાય છે, જય હનુમાન, જય સીયારામ, ના પણ ૬ અક્ષરો છે.

બ્રહ્માઃ વિષ્ણુ અને શિવ ૩ મહાપ્રભુના નામના અક્ષરો પણ ૬ થાય છે. ભગવાનના અર્થમાં ભગ એટલે ઐશ્ચર્ય, રૂપ, લક્ષ્મી, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એમ ૬ નો સમાવેશ થાય છે એવું શાસ્ત્રોક્ત પ્રમાણ છે.

એ રીતે આ ચાલીસામાં અક્ષરોનું સંયોજન મંત્રશક્તિમાં રૂપાંતર થઈ સીધા ભગવાનના સંપર્કમાં આપણને લઈ જાય છે ત્યારે સૌને આશ્ચર્યમાં મૂકી દેતી હનુમાન ચાલીસાને મનોમન વંદન થઈ જાય છે !

હનુમાન ચાલીસા લગભગ મોટાભાગના તમામ હનુમાન ભક્તોને કંઠસ્થ હોય છે, કડકડાટ બોલી જનારા પણ ઘણા છે.

પરંતુ કોઈ જો એમ કહે કે હનુમાન ચાલીસામાં હનુમાજીનાં કુલ ૧૦૮ નામનો સમાવેશ પણ છે તો કોઈ માનવા તૈયાર નહિ થાય. પણ આ એક સત્ય ઘટના છે.

૧૦૮નું સામર્થ્ય કેટલું બધું છે ? જપમાળામાં ૧૦૮ મણકા છે, ૧૦૮નો સરવાળો ૯ થાય. ૯ એ પૂર્ણાંક છે. શ્રીરામ ભગવાનનો જન્મ પણ રામનવમીના દિવસે જ થયો હતો.

આપણે ૧ મિનિટના ૧૫ શ્વાસ લઈએ છીએ. ૧ મિનિટના ૧૫ લેખે ૧ કલાકમાં ૯૦૦, ૧૨ કલાકમાં ૧૦,૮૦૦ અને ૨૪ કલાકમાં એટલે કે ૧ દિવસમાં ૨૧,૬૦૦ શ્વાસ લઈએ જે સંખ્યાનો સરવાળો પણ ૯ જ થાય છે.

છે ને ૯ ની કમાલ. ચાલીસામાં હનુમાનજીનાં જે ૧૦૮ નામ છે એ પણ ૧ માળા થઈ, ચાલો એ પણ જપી લઈએ :-

હનુમાન ચાલીસા હૃદયપૂર્વક માણવાની ગાથા છે : વાંચી જવાની કે ગોખણપટ્ટીથી બોલી જવાની બાબત નથી. નીચે જણાવેલાં ૧૦૮ નામો ચાલીસામાં જ આવે છે જેમ જેમ વાંચશો, ગાશો, હૃદયગમ્ય બનાવશો તો તમે ધ્યાનસ્થ બની જશો. બ્રહ્માંડોનાં રહસ્યો ખુલવા લાગશે, થોડી ધીરજ જોઈએ - શ્રદ્ધા પૂરી જોઈએ - તમારા જીવનમાં ચમત્કાર થતા જોશો. ચમત્કારો આજે પણ થાય છે. ભગવાન શ્રદ્ધાનો વિષય છે. પુરાવાનો નથી. દર્શનનો તાબેદાર નથી. અનુભૂતિનો વિષય છે ચાલો ૧૦૮ નામની અનુભૂતિ અહીં જ કરી લઈએ. શુભ્રસ્ય શીઘ્રમ્....

## હનુમાન ચાલીસામાં આવતાં હનુમાનજીનાં ૧૦૮ નામની માળા

| | | | |
|---|---|---|---|
| **અકથનીય** | **દાસ** | **મનોરથસિદ્ધક** | **સલાહકાર** |
| અનુગ્રહી | દ્વારપાળ | મહાવીર | સદ્‌બુદ્ધિપ્રદાયક |
| અવર્ણનીય | દુર્બુદ્ધિ નિવારક | મંગલમૂર્તિ | સર્વસુખકર દાતા |
| અસુર સંહારક | દેવાધિદેવ | મુક્તિદાતા | સર્વ પીડાહારક |
| આજ્ઞાંકિત | નિધિદાતા | મોક્ષ પ્રદાયક | સંકટહર્તા |
| આનંદદાતા | પવનકુમાર | યશસ્વી | સંકટ નાશક |
| ઇન્દ્રિયોના સ્વામી | પવનતનય | રખેવાળ | સંકટ નિવારક |
| ઉદ્ધારક | પવનસુત | રવિગ્રાહક | સંજીવની વાહક |
| ઉપકારી | પરમ સુખદાતા | રાજ્યદાતા | સંતરક્ષક |
| ઐશ્વર્યદાતા | પરદેશગમની | રામદૂત | સાધુરક્ષક |
| અંજનિપુત્ર | પ્રતાપી | રઘુબર | સિદ્ધિ દાતા |
| કપિરાજ | પ્રભુરસિક | રામદુલારા | સુકેશી |
| ક્લેશહર્તા | પ્રભુધારક | રામપ્રિય | સુખદાતા |
| કષ્ટનિવારક | પ્રભુમેળાપક | રામસેવક | સુયશી |
| કાર્યરત | પીડાહર્તા | રામરસાયણી | સુવર્ણી |
| કુંડલધારી | ફળદાયક | રોગનિવારક | સેવક |

| | | | |
|---|---|---|---|
| કૃપાળુ | બજરંગી | લઘુરૂપી | હનુમંત |
| કેસરીનંદન | બળવાન | લંકાદહક | હનુમાન |
| ગુણવાન | બળવીર | વજ્રધારી | હૃદયનિવાસી |
| ગુરૂદેવ | બળવિરા | વિક્રમી | જ્ઞાની |
| ચતુર | બળબુદ્ધિ વિદ્યાદાતા | વિરાટ | ત્રિલોક ઉજાગર |
| જનોઈધારી | ભક્તરક્ષક | વંદનીય | ત્રિલોક કંપક |
| જળયાત્રી | ભગવદ્ ભક્ત | વિકરાળ | શ્રી ગુરૂ |
| તેજસ્વી | ભગવત્ પ્રિય | વિદ્યાવાન | શંકર પુત્ર |
| તેજોમયી | ભૂત પિશાચ નિવારક | વિજયકર્તા | શોભાયુમાન |

૧૦૮ નામના જપ પછી સાધકને ખબર પડે છે કે ચાલીસામાં હનુમાનજીના કેટલા ગુણ છે, તે કેટલા શુભ છે, સૌના નૃપ છે : ભૂપ છે - માટે જ ચાલીસાનો છેલ્લો શબ્દ સુરભૂપ છે. ચાલીસામાં આવાં તત્ત્વો, આંકડાની કરામતો, સંખ્યાનાં કંપનો-ની જાદુઈ અસરો જીવનને જીવંત બનાવી દે છે જેમ કે :

| <u>સંખ્યા</u> | <u>સંખ્યા</u> |
|---|---|
| તિહુ લોક ઉજાગર | (૩) જો દાયક ફલ ચાર (૪) |
| તીનો લોક હાંકતે કાંપે | (૩) ચારો જુગ પરતાપ તુમ્હારા (૪) |
| તિનકે કાલ સકલ તુમ સાજા | (૩) સંખ્યા |
| અષ્ટ સિદ્ધિ, નૌ નિધિ કે દાતા | (૮, ૯) |
| જો પઢે યહ હનુમાન ચાલીસા | (૪૦) |
| સહસ્ત્ર બદન તુમ્હરો જસ ગાવૈ | (૧૦૦૦)જો સતબાર પાઠ કરે કોઈ (૧૦૦) |
| જુગ સહસ્ત્ર જોજન જો ભાનૂ | (૧૦૦૦) |

આમ ત્રણ સંખ્યાથી ત્રણ લોક, ચાર સંખ્યાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ, આઠ-નવ સંખ્યાથી તમામ સિદ્ધિઓ, એક હજાર સંખ્યાથી સહસ્ત્રનામ્ અને સો વાર પાઠ કરવાથી મુક્તિ-મોક્ષ સુધીની ગણતરી તુલસીજીએ ભક્તો સમક્ષ કેટલી સરળતાથી રજૂ કરી દીધી છે !

આટલેથી અટકી જાય તે તુલસી નહિ આપણું શરીર પચીસ તત્ત્વોનું બનેલું છે : પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ અને આકાશ : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - તન્માત્રા : આંખ, કાન, નાક, જીભ, ત્વચા - પાંચ જ્ઞાનેન્દ્રિયઃ હાથ, પગ, લિંગ, ગુદા અને વાણી - પાંચ કર્મેન્દ્રિયઃ મન, બુદ્ધિ, ચિત્ત, અંહકાર અને આત્મા-મળી ૨૫ થયાં. તુલસીજીએ હનુમાન ચાલીસામાં આ તત્ત્વોનો સમાવેશ અદ્ભુત રીતે કર્યો છે :

| **ચરન** | **હાથ** | **ચિત્ત** | **વચન** | **-શબ્દોમાં આ તત્ત્વોનો** |
|---|---|---|---|---|
| મન | કાંધે | હૃદય | હરિ | પરોક્ષ રીતે સુંદર |
| બુદ્ધિ | ઉર | રૂપ | નાથ | ઉલ્લેખ કરી આપણને |
| પવન | બદન | સબ જગ | રામ | તત્ત્વમય બનાવી દીધા છે. |

| | | | | |
|---|---|---|---|---|
| સાગર | કંઠ | જલધિ | - | - |
| કાનન | હૃદય | તેજ | - | - |
| કેસા | મુખ | કર્મ | - | - |

તુલસીજીએ હનુમાનચાલીસામાં હનુમાનજી ઉપરાંત : શ્રીરામ, અંજનિમાતા, પવનદેવ, મહાવીર - બાવન વીર, વિક્રમ, શંકર ભગવાન, પાર્વતીજી, કેસરીજી, લક્ષ્મણ, સીતામૈયા, ભીમ, ભરતજી, શ્રીપતિજી, સનકજી, બ્રહ્માજી, કુબેર, નારદજી, અને મા સરસ્વતીજીનો પણ સમાવેશ કરી આરાધના કરી આ તમામને હનુમાનજી યાદ કરતા અને આ બધા હનુમાનજીને યાદ કરતા એમ જણાવીને કુલ ૧૮ વ્યક્તિ વિશેષનાં નામમાં ૧૦૮ = ૯ના પૂર્ણાંકનો સુભગ સમન્વય કરી દીધો છે એટલું જ નહિ જેમ આગળ જણાવેલ ૨૫ તત્ત્વોમાં સૃષ્ટિલોક આવી જાય છે તેમ ઉપરના ૧૮ નામમાં સમગ્ર બ્રહ્માંડની દેવસૃષ્ટિનો સમાવેશ કરી ઉર્ધ્વગતિ તરફ આપણા વિકાસને દોરી ગયા છે.

ધરાથી ગગન સુધી, માનવથી દેવ સુધી, કવિતાથી કવન સુધી, જીવથી જગદીશ સુદી આપણને આ ચાલીસા દ્વારા મેળાપ કરાવી દીધો છે. પછી આપણને બીજું શું જોઈએ ?

હનુમાન ચાલીસા - આમ સુંદર, સુવાસિત, શોભાયમાન, અલગ અલગ પુષ્પોથી સુશોભિત બગીચો છે જે આપણા જીવનરૂપી ઉપવનને મીઠાશના મધુર મનભાવન મધથી રસ તરબોળ બનાવી દે છે.

કુલ ૨ દોહા, ૪૦ ચોપાઈઓ, ૧૦૮ હનુમત્ નામ, ૨૫ તત્ત્વો, ૧૮ દેવો, ૩ લોક, ૪ ફળ, ૪ યુગ, ૮ સિદ્ધિ, ૯ નિધિ, ૧૦૦૦ બદન, જેવા અલૌકિક અંકોના પ્રભાવિત તરંગોથી આપણા સંસાર સાગરને મોંઘાં મોતીથી દેદીપ્યમાન બનાવી દે છે.

જેમ જેમ ઊંડા ઊતરતા જાવ, આ ચાલીસા સમજતા થાવ તેમ જેમ દૂધને મથવાથી સાર ઘી નીકળે, પુષ્પોનો સાર મધ નીકળે, અન્નનો સાર બળ નીકળે, જીવનનો સાર ધર્મ નીકળે તેમ હનુમાન ચાલીસામાંથી બ્રહ્માંડોનાં રહસ્યો ખુલીને બ્રહ્મ નીકળે છે.

આ ચમત્કાર સાધકને જ દેખાય છે. હજુ તુલસીદાસ અટકતા નથી. આ ચાલીસા કથાઓનો પણ ભંડાર છે. ચોપાઈની લીટી એક અને આખી કથા ! સમજમાં નથી આવતું ને !

આ જ ખરું રહસ્ય છે. તલમાં તેલ નોંધારું નથી દેખાતું, ફૂલમાં મધ દેખીતી રીતે નથી દેખાતું - મધમાખીને બનાવવું પડે છે, લાકડામાં અગ્નિ દેખાતો નથી - પ્રગટાવવો પડે છે તે જ રીતે આ કથાઓ ગર્ભિત અર્થને ગર્ભથી છૂટી પાડી તેનો પ્રસવ કરાવવો પડે છે અને પછી જ જન્મ સાર્થક બની જાય છે.

ચાલીસાની ચોપાઈઓ વાંચતા જઈએ, બોલતા જઈએ અને તેમાં કથિત, ગર્ભિત કથા-વાર્તાઓનો રસાસ્વાદ માણતા જઈએ :

| - | **ચોપાઈ** | **ગર્ભિત કથાવાર્તા** |
|---|---|---|
| (૧) | બરનૌ રઘુબર બિમલ જસુ | રામાયણની કથા |
| (૨) | સુમિરૌ પવનકુમાર | પવન દેવતા અને અંજનિની કથા. |
| (૩) | રામદૂત અતુલિત બલધામા | વીંટી લઈને સંદેશ લઈ જાય છે તે કથા |

| | | |
|---|---|---|
| (૪) | મહાવીર વિક્રમ બજરંગી (વજાંગી) | ઇન્દ્ર વ્રજ અંગનું વરદાન આપે છે તે. |
| (૫) | કુમતિ નિવાર સુમતિ કે સંગી | સુગ્રીવના સંગે, વાલિથી બચાવવા. |
| (૬) | હાથ વ્રજ ઔર ધ્વજા બિરાજૈ | કપિધ્વજની કથા સ્મૃતિ. |
| (૭) | કાંધે મૂંજ જનેઉ સાજે | રામ-લક્ષ્મણની પરીક્ષા કરવા બ્રાહ્મણરૂપ |
| (૮) | સંકર સુવન | સતયુગમાં શંકરના રૂદ્ર અવતારની કથા. |
| (૯) | કેસરી નંદન | પુંજિકસ્થલીઅપ્સરાના અવતારની કથા |
| (૧૦) | સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા | વિરાટ રૂપ-સૂક્ષ્મરૂપ-બુદ્ધિ શક્તિનો પરચો. |
| (૧૧) | વિકટ રૂપ ધરિ લંક જલાવા | લંકાદહનની પ્રખ્યાત કથાવાર્તા |
| (૧૨) | ભીમ રૂપ ધરિ અસુર સંહારે | યુદ્ધમાં, અશોકવાટિકામાં-અસુર સંહાર |
| (૧૩) | લાય સજીવન લખન જિયાયે | સંજીવની, પર્વત ઊંચકી લાવ્યાની કથા |
| (૧૪) | તુમ ઉપકાર સુગ્રીવ હિ કીન્હા | સુગ્રીવના સહાયક તરીકેની કથાઓ |
| (૧૫) | રામ મિલાય રાજપદ દીન્હા | વાલિવધની કથા, વાલિ-સુગ્રીવ યુદ્ધકથા |
| (૧૬) | તુમ્હરો મંત્ર બિભીષન માના | વિભીષણ-હનુમાનજીના મિલનની કથા. |
| (૧૭) | લંકેશ્વર ભયે સબ જગ જાના | શરણાગત-આશ્રય-રાજ્ય સોંપવાની કથા |
| (૧૮) | લીન્યો તાહિ મધુર ફલ જાનૂ | બાળપણમાં સૂરજ પકડી લાવવાની કથા |
| (૧૯) | પ્રભુ મુદ્રિકા મેલી મુખ માહિ | વીંટી લઈને સમુદ્ર ઓળંગી જવાની કથા |
| (૨૦) | ચારો જુગ પરતાપ તુમ્હારા | સતયુગ; ત્રેતા, દ્વાપરઃ કલિ-કાળની કથા |

આમ ૪૦ ચોપાઈઓમાં આવી ૨૦ કથાવાર્તાઓ તો તમામ વાચકોને અભિભૂત છે પરંતુ કથામાંયે કથાઃ પરોક્ષ કથાઃ ગર્ભિત કથાઓનો તો કોઈ પાર નથી. આવી ઉપરની સહજસુલભ કથા સંદર્ભોથી આ ચાલીસા રામાયણઃ મહાભારતઃ ઉપનિષદ, વેદ, પુરાણો સુધી લઈજાય છે કારણ કે હનુમાનજીતો અનાદિ છે; સાત ચિરંજીવીઓ પૈકીના એક છે, ગમે ત્યારે હાજરાહજૂર છે. માત્ર આપણે સાચા ભાવથી એક વખત હનુમાન ચાલીસાનું હૃદયપૂર્વક પઠન કરવાની જ જરૂર છે. હનુમાન ચાલીસાના પઠનમાં; રાગમાં ગાવામાં; શાન્તિથી વાચન કરવામાં જ્યારે સાચા હૃદયના ભાવ; શુદ્ધ શ્રદ્ધા; અવિચલ આસ્થા ભળે છે ત્યારે સાધકને કોઈ બાધક બનતું જ નથી. ભાવથી ધરાવેલી ભોજનથાળી જેમ પ્રભુ પ્રસાદ બની જાય છે તેમ શ્રદ્ધાપૂર્વક ચાલીસાનું પઠન તમામ મુશ્કેલીઓ દૂર કરી દે છે. એક એક ચોપાઈ મંત્ર બની જાય છે, તુલસીદાસજીની આ ચોપાઈઓને શિવજીનું વરદાન છે જે કદી નિષ્ફળ જતું નથી. આવી ચોપાઈઓ ઉદાહરણ રૂપે નીચે પ્રમાણે છેઃ-

## ચોપાઈ જપ કરવાથી ફળ પ્રાપ્તિ

| | |
|---|---|
| (૧) જો દાયક ફલ ચારિ | ધર્મ, અર્થ, કામ, મોક્ષ-ચાર પુરૂષાર્થને સફળ કર છે. |
| (૨) કુમતિ નિવાર સુમિત કે સંગી | સાધક, પાઠક, વાચકની બુદ્ધિ શુદ્ધ કરી ખરાબ વિચારો કાઢી સારા સંસ્કાર બક્ષે છે. |
| (૩) દુર્ગમ કાજ જગતકે જે તે, સુગમ અનુગ્રહ | જગતનાં કઠણ, મુશ્કેલ કામો સુગમ અને સરળ બની જાય છે. દુઃખ સુખ બની જાય છે. |

| | |
|---|---|
| તુમ્હરે તેતે | |
| (૪) સબ સુખ લહૈ તુમ્હારી સરના તુમ રક્ષક કાહૂકો ડરના? | તમામ સુખ મળે છે; સંપૂર્ણ સુરક્ષાકવચ મળે છે. માણસ નિર્ભય બની જાય છે. |
| (૫) ભૂત પિશાચ નિકટ નહિ આવૈ મહાવીર જબ નામ સુનાવૈ | ભૂત પ્રેત; વળગાડ,મેલીવિદ્યા, કપટ તમામનું નિવારણ આ ચોપાઈનું રટણ-જપ કરવાથી તાત્કાલીક થઈ જાય છે. |
| (૬) નાસે રોગ હરે સબ પીરા જપત નિરંતર હનુમત વીરા | આધિભૌતિક; આધિદૈવિક; આધિ દૈહિક; આધિ, વ્યાધિ અને ઉપાધિ આ ચોપાઈનો જાપ કરવાથી દૂર થઈ જાય છે. ત્રણેયતાપનું શમન થાય છે. |
| (૭) સંકટ તે હનુમાન છુડાવૈ મન, કર્મ, વચન ધ્યાન જો લાવે | હનુમાનજીજો વિષ્ણુઅવતાર શ્રીરામ; આદ્યશક્તિ- સીતાજી; શેષાવતાર લક્ષ્મણનાં સંકટ જો દૂર કરી શકતા હોય તો આપણા જેવા સામાન્ય માનવીનાં દુઃખની તો તેમની આગળ શું વિસાત છે? અર્થાત્ મનવચનકર્મ થી ભજો તો તમામ સંકટો હટી જાય છે. |
| (૮) ઔર મનોરથ જો કોઈ લાવૈ સોઈ અમિત જીવન ફલ પાવૈ | અમુક ખાસ ચોપાઈથી ખાસ પ્રયોજનો તો સિદ્ધ થાય જછે પરંતુ જ્યારે કોઈ પણ મુશ્કેલી ન હોય પરંતુ કોઈ મનોરથ; કામના; ઈચ્છા; સંકલ્પ હોય તો પણ તે આ ચોપાઈથી સિદ્ધ થાય છે પછી આથી વધારે તો આપણે શું જોઈએ? |
| (૯) સાધુ સંત કે તુમ રખવારે... અસુર નિકંદન રામ દુલારે | ભગવદ્ગીતામાં ચોથા અધ્યાયના આઠમા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાન ખાત્રી આપે છે... પરિત્રાણાયામ્ સાધુનામ્... વિનાશાય ચ દુષ્કૃતામ બસ આ જ મંત્ર-આજ શક્તિ આ ચોપાઈમાં સુપેરે પ્રતિબિંબિત થાય છે. |
| (૧૦) અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા | હનુમાન ચાલીસામાં ભકતો માટે શ્રીપ્રભુએ પોતાના દાસ દ્વારા પોતાનો ભંડાર ખુલ્લો મૂકી દીધો છે. તમામ પ્રકારની સિદ્ધિઓ હનુમાનજી પ્રદાન કરી શકે તેવું અમૂલ્ય વરદાન મા આદ્યશક્તિ સીતામૈયાએ પ્રદાન કરેલું છે. |
| (૧૧) તુમ્હરે ભજન રામકો પાવૈ જનમ જનમ કે દુઃખ બિસરાવૈ | આ ચોપાઈના જાપથી માણસનાં આ જન્મોનાં નહિ પણ બધાં જન્મોનાં દુઃખ તો દૂર થાય છે એટલું જ નહિ શ્રી રામ ભગવાનની પ્રાપ્તિ સહજમાં થાય છે. |
| (૧૨) ઔર દેવતા ચિત્ત ન ધરઈ હનુમત સેઈ સર્વ સુખ કરઈ | જેમ હાથીના પગલામાં બધાં પગલાં સમાઈ જાય છે; જેમ થડ પકડવાથી ડાળી, પાન, પુષ્પ, ફળ અને રસનીપ્રાપ્તિ થાય છે તેમ જો એક માત્ર હનુમાનજીની જ ભક્તિ કરવામાં આવે તો બીજા કોઈપણ દેવની સેવા કરવાની જરૂરત જ રહેતી નથી. |
| (૧૩) સંકટ કટૈ મિટૈ સબ પીરા જો સુમિરે હનુમત બલવીરા | આ ચોપાઈથી તમામ સંકટો; તમામ પ્રકારની પીડા દૂર થઈ જાય છે; પછી માણસને બીજું શું જોઈએ? |
| (૧૪) જો સતબાર પાઠ કર કોઈ છૂટહિ બંદિ મહાસુખ હોઈ | આ ચોપાઈ શ્રેષ્ઠ છે. માણસ-સાધક જો એકી બેઠકે બેસીને જો ૧૦૦ વખત હનુમાન ચાલીસાનું હૃદયપૂર્વક પઠન કરે તો જો તે બંધનમાંહોય તો મુક્ત થઈ જાય છે; ભવસાગર તરી જાય છે અને જે સૌથી શ્રેષ્ઠ મહાસુખ હોય છે તેની પ્રાપ્તિ થાય છે. |
| (૧૫) જો યહ પઢે હનુમાન ચાલીસા હોય સિદ્ધિ સાખી ગૌરીસા | હનુમાન ચાલીસાની આ સર્વશ્રેષ્ઠ ચોપાઈ છે.આ ચોપાઈમાં એક એવી ખાત્રી આપવામાં આવી છે જે ખુદ ભગવાન આપે છે. અનાદિ, અજન્મા દેવોના દેવ સુપ્રિમો શ્રી શિવ ભગવાન અને માપાર્વતીજી સાક્ષી પૂરે છે, વચન આપે છે, ખાત્રી આપે છે કે |

| | કોઈપણ જો આ ચાલીસા વાંચશે તેને સિદ્ધિ મળશે જ. |
|---|---|

આમ ઉપર મુજબની (૧૫)ચોપાઈઓ સિદ્ધ મંત્રો છે, તેમાં જે મુજબ લખ્યું છે તેમ જ થાય છ તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ચાલીસાનાં રહસ્યો જો માત્ર વાંચવાથીઃ શબ્દાર્થ-ભાવાર્થ ભાવપૂર્વક સમજવાથી પરમાર્થ પ્રાપ્ત થતો હોય તો ભાવમૃતમાં ભાવવેશમાં અનુભૂતિ થતી હશે ત્યારે જે સુખાનંદ, આત્માનંદ, પરમાનંદ પ્રાપ્ત થાય છે તેની તુલના કોઈપણસાથે ન કરી શકાય એવી અલભ્ય, અગમ્ય, અમૂલ્ય, કલ્પનાતીત સુખાનુભૂતિ થાય છેએવી આ હનુમાનજી પ્રભુની પ્રાપ્તિ માટેની એક જ શ્રેષ્ઠત્તમ ગુરૂચાવી છે અને તેનું નામ છેઃ ‘‘હનુમાન ચાલીસા’’

સમગ્ર દ્રષ્ટિએ જોઈએ તો આ ચાલીસા એક અદ્ભૂત યંત્ર છેઃ તાંત્રિક તંત્ર છે અને મનગમતો મંત્ર છે.

તંત્ર, મંત્ર અને યંત્રનો ત્રિવેણી સંગમ છે.તે વિરલ છે, અતિ સરળ છે, તરત ફળદાયી છે; તે તુલસીજીનું પ્રેમાળ પ્રદાન છે; શિવજીનું વરદાન છે; રામાયણનું રસપાન છે; સાક્ષાત હનુમાન છે; રામ રસાયણ છે; જેનું સેવન કરવાથી શક્તિ; ભક્તિ, મુક્તિ, યુક્તિ, ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ- સંપ્રાપ્તિ થાય છે.

અગમ, નિગમ, સુગમ ના સથવારે શબ્દોના પ્રતાપેજે મહિમા પ્રાપ્ત થાય છે તે દુર્લભ છે છતાં સુલભ છે એ જ આપણું પરમ સદ્ભાગ્ય છે.

બે દોહા સહિત ૪૦ ચોપાઈઓ જો શાંતિથી વાંચો તો માત્ર ૩ મિનીટનો જ સમય થાય છે.

સતબાર- ૧૦૦ વખત વાંચવા ૩૦૦ મિનીટ-૫ કલાક થાય છે. કોઈ શનિવારે બ્રાહ્મમૂહૂર્તમાં ઊઠી સ્નાનવિધિપતાવી મનપસંદ ધૂપસળી સળગાવી પોતાના જ મકાનમા ઘરના એકાંતમાં બેસી ૧૦૦ વખત વાંચવાનો લ્હાવો લેવા જેવો છે. પરિણામ હસ્તકમલાવત્ છે. આજે જ અજમાવી જુઓ અને જીવનમાં ચમત્કારનો સાક્ષાત્ અનુભવ કરો.જાગ્યા ત્યાંથી સવાર.

આ ચાલીસા તુલસીદાસજીની પ્રશસ્ત પ્રશંશીનય પ્રસ્તુતિ છે; હનુમાનજીની શ્રેષ્ઠ સ્તુતિ છે આપણા સૌની પરમ અને અદ્ભૂત અનુભૂતિ છે, જે ખરેખર વિભૂતિ છે, જે ખરેખર આપણી સાચી સંસ્કૃતિની સંપત્તિ છે.

આપણે આપણી આ સંસ્કૃતિનું જતન કરીએ. જ્યાં જન્મભૂમિને માતૃભૂમિ કહેવાય છે. વિશ્વમાં ક્યાંય પણ પોતાના દેશને માતા કહેવાનો રિવાજ નથી જ્યાં આપણે ગૌરવથી ભારતમાતા- કહી આપણા સંસ્કારોનું વર્ષોથી જતન કરીએ છીએ તેવા શુભ સંસ્કાર; પરાક્રમ, તેજસ્વી, બળવાન હરિભક્ત ચિરંજીવી સૌના પ્રિય એવા હનુમાનજીને વંદન કરી આજીવન ચાલીસાનું પઠન કરીધન્ય બનીએ.

રામ લક્ષમણ જાનકી, જય બોલો હનુમાનકી.